# રાજ્યમાં કોરોનાનો કહેર : નવા ૧૫૧૫ કેસ

## લોકોને દિવાળીની ઉજવણી મોંઘી પડી : ૧૨૭૧ દર્દી સ્વસ્થ થયા, રાજ્યમાં કુલ ૧૩૨૮૫ એક્ટિવ કેસ, ૧૩૧૯૦ દર્દીઓ વેન્ટિલેટર ઉપર, નવ દર્દીનાં મોત

અમદાવાદ, તા. ૨૧

વિશ્વ સહિત ભારતમાં પણ કોરોનાનો કહેર વધતો જાય છે. ભારતમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૯૦ લાખ પાર પહોંચી છે. ગત ૨૪ કલાકમાં ૪૬,૨૩૨ નવા દર્દીઓ સામે આવ્યા છે તો ૫૬૪ દર્દીઓના મોત પણ નીપજ્યાં છે. નેપાળથી ભારત આવતા ભારતીય નાગરિકો તેમજ નેપાળીઓનો પણ કોરોના ટેસ્ટ ફરજિયાત કરવામાં આવશે. જે પછી જ તેમને ભારતમાં પ્રવેશ મળશે. ગુજરાતમાં પણ કોરોના મહામારીમાં તહેવારોની અસર જોવા મળી છે. જેને લઈને કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. ૨૪ કલાકમાં વધુ ૧૫૧૫ કેસ સામે આવતા હવે કોરોનાનો કુલ આંકડો પણ રાજ્યમાં ૧૯૫૯૧૭ થયો છે. જ્યારે ચોવિસ કલાકમાં કુલ નવ જણાનાં મોત થયા છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૭૦૩૮૮ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૧૭૧૪૪૫ થયો છે. રાજ્યમાં ૧૫૧૫ નવા દર્દીઓ સામે ૧૨૭૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧૭૮૭૮૬ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૮૨.૮૯ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૮૬,૮૦૬ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪૮૬૭૧૨ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૯૪ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૩૨૮૫ એક્ટિવ કેસ છે. જેમાંથી ૧૩૧૯૦ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૯૫ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે તો સાથે ટેસ્ટિંગની ક્ષમતા પણ વધારવામાં આવી છે. રાજ્યમાં ૨૪ કલાક દરમિયાન રાજકોટ કોર્પોરેશનમાં ૧, અમદાવાદ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૨, ગીર સોમનાથમાં ૧ મોત એમ કુલ ૯ મોત નીપજ્યાં હતાં. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૮૪૬ થયો છે.

# અમદાવાદમાં કર્ફ્યુનો કડક અમલ

## અમદાવાદમાં નવા ૧૧૫ કેસ, ૧૩૦ની અટકાયત : શહેરમાં કર્ફ્યુ અને લોકડાઉનની સંભાવનાને લઈને ભયનો માહોલ : અમદાવાદ શહેર આખું સુમસામ, બહુ ઓછા લોકો રસ્તા પર જોવા મળ્યા, પોલીસનો શહેરના એન્ટ્રી પોઈન્ટ સહિત બધા સ્થળે ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

અમદાવાદ, તા. ૨૧

શહેરમાં ગઈકાલ રાતથી શરુ થયેલા કર્ફ્યૂનું પોલીસ દ્વારા



ચૂસ્ત પાલન કરાવવામાં આવી રહ્યું છે. ઠેર-ઠેર પોલીસકર્મીઓનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, અને જે લોકો કારણ વિના ઘરની બહાર નીકળી રહ્યા છે તેમની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેમજ વાહનો પણ ડિટેઈન કરવામાં આવ્યા છે. અમદાવાદના એન્ટ્રી પોઈન્ટ્સ પર પણ પોલીસે નાકાબંધી કરી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કર્ફ્યૂ ભંગ કરવા બદલ પોલીસે ૧૧૫ કેસ કર્યા છે, અને ૧૩૦ લોકોની અટકાયત કરવામાં આવી છે.

અમદાવાદમાં સોમવાર સવાર સુધી કર્ફ્યૂ રહેવાનો છે. આ દરમિયાન શહેરમાં બહારથી આવતા વાહનોને પણ નો-એન્ટ્રી કરી દેવાઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જે વાહનચાલક અમદાવાદ જતા હોય, અને જેમની પાસે અમદાવાદનું આઈડી હોય તેમને જ એન્ટ્રી આપવામાં આવી રહી છે. બાકીના વાહનોને બાયપાસ પર ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, જીવનજરુરિયાતની ચીજવસ્તુનું વહન ના કરતા હોય તેવા વાહનોને પણ શહેરમાં નો-એન્ટ્રી છે.

કર્ફ્યૂ દરમિયાન કોઈ પોતાના ઘરની બહાર ના નીકળે તે માટે શુક્રવારે પણ પોલીસ દ્વારા ઠેર-ઠેર લાઉડ સ્પીકરો દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. શનિવારે આમ પણ શહેરના રસ્તા પર જરાય ટ્રાફિક જોવા નહોતો મળ્યો. શહેરના મોટાભાગના વિસ્તારો હાલ સૂમસામ છે, ત્યારે સોમવાર સવાર સુધી આ જ સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસે કોઈ કચાશ નથી રાખી.

શુક્રવાર રાતથી જ અમદાવાદમાં પોલીસે મોરચો સંભાળી લીધો હતો. કર્ફ્યૂનો ભંગ કરીને કારણ વિના બહાર ફરતા ૫૦ જેટલા લોકોની અટકાયત કરીને તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, શનિવારે સવારે પરીક્ષા આપવા નીકળેલા કે પછી બીજા કોઈ જરુરી કામથી બહાર આવેલા લોકોને પોલીસે જરુરી પુરાવા ચેક કર્યા બાદ જવા દીધા હતા.

કર્ફ્યૂને કારણે અમદાવાદમાં દુકાનો, બજારોથી માંડીને રિક્ષાઓ અને બસો પણ બંધ છે ત્યારે શહેરમાં બહારગામથી આવનારા લોકો રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર ઉતરતા જ હેરાન પરેશાન થઈ ગયા છે. કોર્પોરેશન દ્વારા આ બંને સ્થળોએથી લોકોને શહેરના અલગ-અલગ વિસ્તારમાં પહોંચાડવા બસો તો મૂકાઈ છે, પરંતુ તેની યોગ્ય વ્યવસ્થા ના કરાતા લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. રેલવે સ્ટેશન પર આજે સવારની ટ્રેનમાં અમદાવાદ પહોંચેલા કેટલાક લોકોને કલાકથી પણ વધુ સમય સુધી પોતાને જે સ્થળે જવાનું હતું ત્યાં પહોંચવા માટેની બસ શોધવા ભટકવું પડ્યું હતું. કેટલાક કિસ્સામાં તો જે-તે વિસ્તારની બસ ઉપડી જતાં લોકો રઝળી પડ્યા હતા, તો ક્યાંક લોકોને બસમાં બેસાડી રાખ્યા બાદ બીજી બસમાં બેસી જવા માટે કહેવાયું હતું.

શનિ અને રવિવારે દૂધની દુકાન અને મેડિકલ સ્ટોર્સ ખૂલ્લા રહેશે. શુક્રવારે લોકોએ કર્ફ્યૂ પહેલા કરિયાણું અને શાકભાજી ખરીદવા માટે રીતસરની પડાપડી કરી હતી, જેના કારણે અમદાવાદના ઘણા વિસ્તારોમાં તો બટાકા-ડુંગળી સો રુપિયે કિલોના ભાવે વેચાયા હતા.

## કોરોના ઈફેક્ટ

- રાજ્યની તમામ આઈટીઆઈ બંધ રાખવાનો નિર્ણય
- માંગરોળના કોઠવા ગામે ઉર્સનો મેળો બંધ
- ધનસુરા અને પ્રાંતિજમાં ત્રણ દિવસ સ્વૈચ્છિક બંધ
- ગિરનારની લીલી પરિક્રમા નહી યોજવા નિર્ણય
- આણંદ અને કડીના ધારાસભ્ય કોરોના સંક્રમિત
- ઝાલોદના સબ રજીસ્ટ્રાર વીડી. ચૌહાણનું કોરોનાથી મોત
- અમદાવાદ શહેરમાં નિયમોના ભંગ બદલ ૧૧૭ સામે કેસ દાખલ કરાયા
- કચ્છ-માંડવીમાં ભાજપના વિજેતા ધારાસભ્યના સન્માન સમારંભમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા
- તારક મહેતાના નિર્માતા અસિત, પત્ની, પુત્રને કોરોના
- કોરોનાના દર્દીથી ૯ દિવસ બાદ ચેપ ફેલાઈ શકે નહીં - મેડિકલ જર્નલ ધ લેન્સેટ માઈક્રોએબનો અહેવાલ
- ભાવનગરના PI માસ્ક વિના નિકળતા અમરેલીમાં દંડાયા

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૫૭ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં દિપાવલીના તહેવારો ટાણે કોરોના વિસ્ફોટ થયો હતો. જેના કારણે ખુદ આરોગ્ય તંત્ર પણ ચિંતિત બન્યું હતું. ત્યારે શનિવારે કોરોનાના વધુ ૫૭ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૦૨૦ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના વધુ ૫૭ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લાના મુખ્યાલય પાલનપુરમાં ૨૯, વેપારી મથક ડીસામાં ૨૪, દાંતીવાડામાં ૦૩, વડગામમાં ૦૧ મળી કુલ ૫૭ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૧૫૮ સેમ્પલમાંથી ૫૭ કેસ પોઝેટિવ આવ્યા હતા.

# અરવલ્લી પોલીસ એક્શન મોડમાં

મોડાસા, તા. ૨૧

સમગ્ર દેશમાં દિવાળીના તહેવારો બાદ કોરોનાનો વિસ્ફોટ સર્જાયો છે. અરવલ્લી જીલ્લા અને શહેરી વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. કોરોના વધુ વકરે તેવો ભય પેદા થતા તમામ તંત્રો એલર્ટ થઈ ગયા છે. જીલ્લા એસપી સંજય ખરાતે મોડાસા શહેર સહીત જીલ્લામાં માસ્ક અભિયાન ચલાવ્યું હોય તેમ વાહનચાલકો, ધંધાર્થીઓ અને માસ્ક વગર જાહેરસ્થળોએ રખડપટ્ટી કરતા લોકો સામે દંડાત્મક કામગીરી હાથ ધરી હતી. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક વગર ફરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા બજારમાં ફોગીંગની કામગીરી હાથ ધરી હતી. જીલ્લામાં લોકો હજુ પણ કોરોના સંક્રમણ અંગે બેદરકાર હોય તેમ માસ્ક પહેરવાનું મુનાસીબ માનતા નથી, ધનસુરા નગરમાં સ્વંયમભુ લોકડાઉનમાં સજ્જડ બંધ રહ્યું હતુ.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ હાહાકાર મચાવે તે પહેલાં જ તંત્ર મીટીંગમાંથી બહાર આવી ગ્રાઉન્ડ લેવલે જઈ પાણી પહેલા પાળ બાંધે તેવી માંગ ઉઠી છે. ત્યારે અરવલ્લી જીલ્લા



વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાએ પણ જીલ્લાની તમામ ગ્રામ પંચાયતમાં પરિપત્ર કરી કોરોના સંક્રમણ અટકાવવા ગ્રામ્ય વિસ્તારોમાં માસ્ક વગર ફરતા લોકો સામે શખ્ત દંડાત્મક કામગીરી કરવામાં આવે તેમજ દૂધમંડળીઓ, સહકારી મંડળીઓ અને જાહેરસ્થળોએ લોકો એકઠા ન થાય અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે તાકીદ કરી હતી. કોરોનાના શંકાસ્પદ દર્દીઓને નજીકના સરકારી દવાખાને લઈ જઈ કોરોના ટેસ્ટ કરાવવા અને કોરોના સંબન્ધિત ગાઈડલાઈનનું ઉલ્લઘન કરતા લોકો સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે જે અંગે સમજણ આપવા તાકીદ કરી હતી.

મોડાસા શહેરમા ડીવાયએસપી ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ જાહેરસ્થળોએ એકઠા થતા લોકોને ટોળે ન વળવા સમજાવાની સાથે માસ્ક વગર બિંદાસ્ત પસાર થતા વાહનચાલકો અને વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી.


# કોરોનાથી મૃત્યુ દરમાં સરકારી ચોપડે અરવલ્લી બીજા સ્થાને

## ૨.૭૦ ટકા મૃત્યુદર : મોડાસા ખાણ ખનીજ વિભાગના ત્રણ કર્મીઓ કોરોનામાં સપડાયા

મોડાસા, તા. ૨૧

ગુજરાતમાં કોરોનાએ ફરી માથું ઉચક્યું છે અને દૈનિક કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોના અત્યાર સુધી ગુજરાતમાંથી ૪ હજારથી વધુ લોકોનો કોરોના ભરખી ચૂક્યો છે. સમગ્ર દેશમાં કોરોનાથી સૌથી વધુ મૃત્યુદર ધરાવતા રાજ્યોમાં પંજાબ ૩.૨ ટકા સાથે ટોચના, મહારાષ્ટ્ર ૨.૬ ટકા સાથે બીજા, સિક્કીમ ૨.૧૦ ટકા સાથે ત્રીજા સ્થાને છે, રાજ્યમાં સતત લોકો કોરોના સંક્રમણથી મોત નીપજી રહ્યા છે અને તેમની અંતિમવિધિ પણ કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે થઈ રહી છે ત્યારે આશ્ચર્યજનક રીતે ગુજરાત ૨ ટકા સાથે ચોથા સ્થાને છે. રાજ્યમાં અમદાવાદમાં કોરોનાથી મૃત્યુદર ૪.૨ ટકા બાદ સૌથી વધુ મૃત્યુદર ધરાવતા જિલ્લાઓમાં અરવલ્લી ૨.૭૦ ટકા સાથે બીજા સ્થાને સરકારી ચોપડે નોંધાયું છે. મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે.

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીને કોરોનાનું ગ્રહણ લાગ્યું હોય તેમ સતત કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે, જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલ ખાણખનીજ વિભાગના ત્રણ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થતા જીલ્લા સેવાસદનમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. ખાણખનીજ વિભાગમાં ફરજ બજાવતા અન્ય કર્મચારીઓનો રેપીડ ટેસ્ટ હાથ ધરી આરોગ્યતંત્રએ ખાણખનીજ કચેરી અને પરિસરને સૅનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૭ માસમાં ૬૫૦ કોરોનાગ્રસ્ત દર્દીઓ નોંધાઈ ચુક્યા છે.




# ધનસુરામાં બજાર સજ્જડ બંધ રહ્યા

## કોરોનાના સંક્રમણને રોકવા લોકોએ આપ્યો સહકાર

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં કોરોનાના કેસને લઈને વેપારીઓ ધ્વારા ૩ દિવસ સ્વયંભૂ બજાર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોનાના વધી રહેલા સંક્રમણને લઈને ગામમાં સંક્રમણ રોકવા વેપારીઓએ ધનસુરા બજારને સજ્જડ બંધ રાખ્યું હતું. વેપારી એસોશિએશનના આ નિર્ણયને ગામ લોકોએ સાથ સહકાર આપ્યો હતો. ધનસુરા તાલુકાનું મુખ્ય મથક હોવાથી આજુબાજુના ગામમાંથી લોકો ખરીદી માટે આવે છે. જેને લઈને કોરોનાનું સંક્રમણ ન વધે એ માટે વેપારીઓએ ધનસુરા બજાર બંધ રાખ્યું હતું. ગામમાં આવશ્યક સેવાઓ દૂધ, શાકભાજી અને રજીસ્ટર દુકાનો જ સવારે બે કલાક અને સાંજે એક કલાક ખુલ્લી રહેશે. મેડિકલ સ્ટોર ખુલ્લા રહેશે. ધનસુરા વેપારી એસોસિએશને ૩ દિવસ સ્વયંભૂ બજાર બંધ રાખવાનો નિર્ણય લીધો છે જેને ગામ લોકો અને અગ્રણીઓએ સહકાર આપ્યો હતો અને ધનસુરા સજ્જડ બંધ રહ્યું હતું. ધનસુરા વેપારી એસોસિએશનના પિયૂષભાઈ શાહ, મેહુલભાઈ શાહ, કિરીટભાઈ એન.શાહ, ગામના અગ્રણી અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે ગામલોકોએ આ સ્વયંભૂ બંધમાં સારો સહકાર આપ્યો છે જેથી આગામી સમયમાં કોરોના સંક્રમણ ન ફેલાય.

## ભારત પાસે આશા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાન મોદીએ કહ્યુ કે એક સમય હતો જ્યારે લોકો સવાલ ઉઠાવતા હતા કે આ રીતની યૂનિવર્સિટી કેટલી આગળ વધી શકશે પરંતુ અહીના વિદ્યાર્થીઓએ, પ્રોફેસર્સે અને અહીથી નીકળનારા પ્રોફેશનલ્સે આ તમામ સવાલોનો જવાબ આપી દીધો છે. આજે તમે એવા સમયમાં ઈન્ડસ્ટ્રીમાં પગ મુકી રહ્યા છો જ્યારે મહામારીને કારણે આખી દુનિયાના ઉર્જા ક્ષેત્રમાં પણ મોટા બદલાવ થઈ રહ્યા છે. એવામાં આજે ભારતમાં એનર્જી ક્ષેત્રમાં ગ્રોથની, આંતરપ્રિન્યોર્શિપની અનેક સંભાવનાઓ છે.

પીએમ મોદીએ કહ્યુ કે પીડીપીયૂએ ઉદ્યોગ સહિત કેટલાક વિસ્તારમાં પોતાનો વિસ્તાર કર્યો છે ,આ રીતે તેને એનર્જી યૂનિવર્સિટીના રૂપમાં બદલો. ગુજરાત સરકારને હું તેની માટે અનુરોધ કરૂ છું, તેની કલ્પના મે કરી હતી. જો વિચાર બરાબર લાગ્યા તો તેની પર આગળ વધો. પીએમ મોદીએ આગળ કહ્યુ કે, આજે દેશ પોતાના કાર્બન ફૂટપ્રિન્ટને ૩૦-૩૫% સુધી કામ કરવાના પડકારને લઈને આગળ વધી રહ્યા છે. પ્રયાસ છે કે આ દાયકામાં પોતાની ઉર્જા જરૂરતોમાં નેચરલ ગેસની ભાગીદારીને અમે ૪ ઘણી વધારી છે.

વડાપ્રધાન મોદીએ આ તબક્કે ગુજરાતના વીજળી ક્ષેત્રની સિદ્ધીના કાર્યને વિદ્યાર્થી સમક્ષ વર્ણવ્યું, તેમણે કહ્યું કે 'હું ૨૦ વર્ષ પહેલાં મુખ્યમંત્રી બન્યો ત્યારે રાજ્યમાં ૨૪ કલાક વીજળી નહોતી અપાતી. મને જેટલા લોકો સર્કિટ હાઉસમાં મળવા આવતા હતા તે એવું જ કહેતા કે તમે મુખ્યમંત્રી બનો તો વીજળી ૨૪ કલાક અપાવજો. હું ખેતી અને ઘરગથ્થુ વીજળીને અલગ કરવા માંગતો હતો. અધિકારીઓનો આ મામલે સ્પષ્ટ ઈક્રાર હતો. મેં જવાબદારી ઉપાડી અને ૧૦૦૦ દિવસનો કાર્યક્રમ બનાવ્યો, અમે સતત કામ કર્યુ અને ગુજરાતને વીજ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવ્યું.

## શિયાળાની જમાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અટકાવવા માટે સરકારે રાત્રિ કરફયુની જાહેરાત કરી છે. જેથી બિનજરૂરી ભીડને ટાળી શકાય બીજીતરફ રાત્રિના સમયે ઠંડીનો પારો પણ ઉંચકાઈ રહ્યો છે. વહેલી સવારે અને મોડી રાત્રે નગરજનો હવે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે.અત્યાર સુધી લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીની આસપાસ રહેતુ હતુ જયારે હવે લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે. અલબત્ત ઠંડીનો પારો ઉંચો આવી રહ્યો છે. શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે બદલાતા મોસમના મિજાજ વચ્ચે નગરજનો પ્રભાવિત છે. નગરનુ જનજીવન પણ ઠંડીની અસરથી પ્રભાવિત થયુ છે. સવારે તેમજ મોડી રાત્રિના સમયે નગરના માર્ગો પર હવે સુનકાર જોવા મળી રહ્યો છે. દિવસનુ મહત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે. આજે મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૨ ડીગ્રી નીચે ગયુ હતુ. અલબત્ત ઠંડીનો પારો ઉંચકાયો હતો. વાતાવરણમાં ગુલાબી ઠંડકના લીધે વહેલી સવારે પણ ધુમ્મસ જોવા મળે છે. સવારના સમયે નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા રહે છે. જયારે સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવાય છે. કોરોનાના કહેર વચ્ચે ઠંડીનુ જોર વધતા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. દિવસ દરમિયાન હજુ સુર્યનો તાપ આકરો લાગે છે. પરંતુ સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. આવા સંજોગોમાં સિઝનની આડ અસરથી બચવા માટે પણ નગરજનો સર્તક બન્યા છે. ઉગતી શિયાળાની ઋતુએ આજનો દિવસ સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮